# ઑન્ટારિયોની પ્રાંતીય ચૂંટણીમાં મતદાન કરવા તૈયાર થાઓ!

## તમારા પ્રાંતીય સંસદ સભ્યને ચૂંટવા માટે **27 ફેબ્રુઆરીના** રોજ અથવા તે પહેલાં તમારા X વડે ચિહ્ન કરો.

### તમે મત આપવા માટેની યોગ્યતા ધરાવો છો?

ઑન્ટારિયોની ચૂંટણીમાં મત આપવા માટે, તમારા માટે આ આવશ્યકતાઓ છે:
- ચૂંટણીના દિવસે 18 વર્ષ કે તેથી વધુ ઉંમર;
- કેનેડિયન નાગરિક; અને
- ઑન્ટારિયોના રહેવાસી.

### મત આપવા માટે નોંધણી કરો!

**17 ફેબ્રુઆરી** સુધીમાં elections.on.ca પરના રજીસ્ટરમાં તમારી માહિતીની પુષ્ટિ કરો, અપડેટ કરો અથવા ઉમેરો. મત આપવા માટે તમારી નોંધણી થઇ હોય, તો મત ક્યારે અને ક્યાં આપવો તે વિશેની માહિતી ધરાવતું તમારું મતદાર માહિતી કાર્ડ તમને ટપાલમાં પ્રાપ્ત થશે.

જો તમે હજુ સુધી રજીસ્ટ્રેશન ન કરાવ્યું હોય તો પણ તમે મત આપી શકો છો. જ્યારે તમે મત આપવા જાઓ ત્યારે તમારી માહિતી રૂબરૂમાં ઉમેરો.

પાત્રતા અને નોંધણી અંગેની માહિતી માટે **elections.on.ca** ની મુલાકાત લો.

### મતદાર માહિતી કાર્ડ

મત આપવા માટે તમારી નોંધણી થઇ હોય, તો મત ક્યારે અને ક્યાં આપવો તે વિશેની માહિતી ધરાવતું મતદાર માહિતી કાર્ડ તમને ટપાલમાં પ્રાપ્ત થશે.

**જો તમને મતદાર માહિતી કાર્ડ ન મળે તો પણ તમે મત આપી શકો છો.** તમે મત આપવા જાઓ ત્યારે તમારું નામ અને હાલનું ઘરનું સરનામું, બન્ને દર્શાવતું ID સાથે લાવો.

તમારા ચૂંટણી જિલ્લામાં તારીખો અને મતદાન સ્થાનોની સંપૂર્ણ સૂચિ માટે, **voterinformationservice.elections.on.ca** ની મુલાકાત લો અથવા ઇલેક્શન્સ ઑન્ટારિયો ઍપ ડાઉનલોડ કરો.

## મતદાન કરવા માટે ID

શું તમને તમારું મતદાર માહિતી કાર્ડ ટપાલમાં અથવા ઇલેક્શન્સ ઑન્ટારિયો ઍપ દ્વારા પ્રાપ્ત થયું છે?

- **હા**—તમારું મતદાર માહિતી કાર્ડ અને તમારું નામ દર્શાવતું ID સાથે લાવો (દા.ત. ઉપયોગિતા બિલ)
- **ના**— તમારું નામ અને ઘરનું સરનામું દર્શાવતું ID સાથે લાવો (દા.ત. ઑન્ટારિયોનું ડ્રાઇવિંગ લાઇસન્સ)

**elections.on.ca/id-requirements** પર સ્વીકૃત IDની યાદી શોધો.

## વહેલા મતદાન કરો

### ટપાલ દ્વારા

- ટપાલ દ્વારા મત આપવા માટે **votebymail.elections.on.ca** પર અરજી કરો.
- Elections Ontarioને તમારી અરજી **21 ફેબ્રુઆરી**ના રોજ સાંજે 6 વાગ્યા (ઇસ્ટર્ન ટાઇમ) સુધીમાં મળવી જોઈએ.
- Elections Ontarioને તમારી પૂર્ણ થયેલી મતદાન કિટ **27 ફેબ્રુઆરી**ના રોજ સાંજે 6 વાગ્યા (ઇસ્ટર્ન ટાઇમ) સુધીમાં મળવી જોઈએ, જેથી તેને ગણતરીમાં લઈ શકાય.

### તમારી સ્થાનિક ચૂંટણી કચેરીમાં

- **30 જાન્યુઆરી**થી **26 ફેબ્રુઆરી**ના સાંજે 6 વાગ્યા (ઇસ્ટર્ન ટાઇમ) સુધી તમારી સ્થાનિક ચૂંટણી કચેરીમાં રૂબરૂમાં મતદાન કરો.

### આગોતરા મતદાન દરમિયાન

- **20 થી 22 ફેબ્રુઆરી** સવારે 10 થી સાંજના 8 વાગ્યા (ઇસ્ટર્ન ટાઇમ) સુધી તમારા ચૂંટણી જિલ્લામાં કોઈ પણ અગાઉથી મતદાન કરવાના સ્થાન પર મતદાન કરો.

## ચૂંટણીના દિવસે મતદાન કરો

- **27 ફેબ્રુઆરી**ના રોજ સવારે 9 થી રાત્રે 9 વાગ્યા (ઇસ્ટર્ન ટાઇમ) સુધી તમને ફાળવાયેલા મતદાન મથકે મતદાન કરો.

તમારા મતદાર માહિતી કાર્ડ પર, ઇલેક્શન્સ ઑન્ટારિયો ઍપ પર અથવા અહીં તમને ફાળવાયેલું મતદાન મથક શોધો
**voterinformationservice.elections.on.ca**.

જો તમને ફાળવાયેલું મતદાન મથક સુલભ ન હોય, તો અન્ય મતદાન સ્થાન પર સ્થાનાંતરિત કરવાની વિનંતી કરવા માટે ચૂંટણીના દિવસ પહેલાં તમારી સ્થાનિક ચૂંટણી કચેરીનો સંપર્ક કરો.

## <u>સુલભતા</u>

તમે **20 થી 22 ફેબ્રુઆરી** સુધી નિયુક્ત વિસ્તારના એડવાન્સ પોલમાં, **20 ફેબ્રુઆરી**થી **26 ફેબ્રુઆરી** સુધી તમારી સ્થાનિક ચૂંટણી કચેરીમાં અથવા ચૂંટણીના દિવસે એપોઇન્ટમેન્ટ દ્વારા સહાયક મતદાન ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકો છો.

સુલભ સાધનો અને સેવાઓની સંપૂર્ણ સૂચિ માટે, મુલાકાત લો **elections.on.ca/accessible-voting** અથવા 1.888.668.8683 અથવા TTY 1.888.292.2312 પર કૉલ કરો.

વિનંતી પર મતદાન વિશેની માહિતી વૈકલ્પિક ફોર્મેટમાં ઉપલબ્ધ છે.

## <u>અમારા માટે કામ કરવા આવો</u>

જો તમારી ઉંમર 16 કે તેથી વધુ હોય, તો તમે ચૂંટણી કર્મચારી તરીકે કામ કરવા માટે અરજી કરી શકો છો. તમામ હોદ્દાઓ માટે વળતર ચુકવવામાં આવે છે અને તાલીમ આપવામાં આવે છે.

**jobs.elections.on.ca** ખાતે અરજી કરો.

## <u>અમારો સંપર્ક કરો</u>

### તમારા વિશ્વસનીય સ્રોતમાંથી હકીકતો મેળવો.

| | |
|---|---|
| વેબસાઇટ: | **elections.on.ca** |
| ફોન: | **1.888.668.8683** |
| TTY: | **1.888.292.2312** |
| ઇમેલ: | **info@elections.on.ca** |

**@electionson**
**ElectionsON**
**@ElectionsON**

## <u>ઇલેક્શન ઑન્ટારિયો એપ</u>

મહત્ત્વપૂર્ણ ચૂંટણી માહિતી, તમારા મતદાર માહિતી કાર્ડનું ડિજિટલ સંસ્કરણ, મતદાન સ્થાનોની સંપૂર્ણ સૂચિ અને વધુ માટે એપ્લિકેશન ડાઉનલોડ કરો!